૭૦૧/૧૨૨૨

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. જેને વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય તે શું કરે અને તેને શેની વિસ્મૃતિ વર્તે ?
૨. પોતાનું સ્વરૂપ જોવું તે શું પોતાના હાથમાં છે ?
૩. સમાધિનિષ્ઠ પુરુષ હોય તે શું કરે છે ?
૪. શ્રીજીમહારાજ કોના પગની રજને માથે ચઢાવે છે ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. નૈમિષારણ્ય ક્ષેત્ર કયે ઠેકાણે જાણવું ?
૨. એકાંતિક થકી એકાંતિક ધર્મ કેવી રીતે પમાય છે ?
૩. શા માટે ભગવાનના આકારનું ખંડન ક્યારેય ન કરવું ?
૪. કલ્યાણ સુગમ પણ સંતતા દુર્લભ - સવિસ્તાર નિરૂપણ કરો.

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. દારૂનો ઢગલો અને અગ્નિનો તણખો.
૨. બળબળતા ડામનું દૃષ્ટાંત.
૩. લોઢામાં અગ્નિના પ્રવેશનું દૃષ્ટાંત અને સિદ્ધાંત લખો.

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. આત્મનિષ્ઠા ન હોવાથી અને દેહાભિમાનને યોગે કરીને અલૈયા ખાચર સત્સંગમાંથી પડી ગયા.
૨. સ્વાદિયા નાગરે ગુણાતીતાનંદ સ્વામીનો ગુણ ગ્રહણ કર્યો.
૩. ભગતજીએ રૂપિયા અને સ્ત્રીના માયિક સુખને ઇચ્છ્યું નહિ.
૪. ઝીણાભાઈને પોતાના ગમતામાં વર્તાવવા શ્રીજીમહારાજ જૂનાગઢ ન ગયા.

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૯]

૧. જેમ ભૂંડાને યોગે ...... ઉત્તમ થાય છે.
૨. જે કલ્યાણને અર્થે ...... જાડી બુદ્ધિવાળો છે.
૩. તેમ ભગવાનનો નિશ્ચય ...... સમર્થ થતો નથી.

### વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨' - નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. વનવિચરણમાં દેવોએ કરેલી નીલકંઠવર્ણીની સેવા
૨. શ્રીજીમહારાજનાં અલૌકિક કાર્યોમાં વિઘ્ન નાખનાર અસુરો અને દ્વેષીઓ.
૩. નીલકંઠનું કલ્યાણકારી વનવિચરણ

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. નીલકંઠ જગન્નાથપુરીમાં
૨. ગુરુભક્તિની આદર્શ રીત શીખવતા નીલકંઠવર્ણી
૩. લોજમાં નીલકંઠ અને મુક્તાનંદ સ્વામીનું મિલન

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. માનસપુરમાં બાવાઓની ક્રૂરતા અને હિંસાવૃત્તિ
૨. નીલકંઠવર્ણી શ્રીપુરમાં
૩. કડવાં ચીભડાં મીઠાં થયાં
૪. સંધાઈના વડમાં રહેતા ભૂતોની સદ્‌ગતિ કરી
૫. માંગરોળમાં ગોવર્ધનની ફોઈ પૂતળીબાઈનું કારજ

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રાજ્ઞ-૧-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ : તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. રામપ્રતાપભાઈ  ૨. ઉન્નડ ખુમાણ

**વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવના' - નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ઘરમંદિરની આવશ્યકતા શા માટે છે ?

૨. પૂજા કરતી વખતે પૂર્વાભિમુખ બેસીને શા માટે પૂજા કરીએ છીએ ?

૩. મૂર્તિ શાનું ઉદ્‌ગમસ્થાન છે ?

૪. આરતી શાનું પ્રતિક છે ?

૫. મંદિર એટલે શું ?

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. ઘરમંદિરની પવિત્રતા જાળવવા શું કરવું ?

૨. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ એટલે શું ?

૩. કોનું મન સ્ત્રીઓનું રૂપ દેખીને ચલાયમાન થતું નથી ? એ પ્રશ્નનો જવાબ આપતા લક્ષ્મણજી શું કહે છે ? (ભાવાર્થ લખો)

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]

૧. પ્રાર્થનાથી થતા લાભ.  ૨. માનસી પૂજાનો લાભ શો ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં)** [૬]

૧. સત્સંગ સભાનું મહત્ત્વ શું છે ?

૨. મંત્ર એટલે શું ? મંત્રજાપ શા માટે ?

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. સૃષ્ટિના સર્વસ્વની ઓળખાણ : ઐતરેય ઉપનિષદ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૦૯, પા.નં. ૪ થી ૭)

૨. પ્રભુની પ્રસન્નતાના માર્ગદીપકો (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોમ્બર - નવેમ્બર - ૨૦૦૯, પા.નં. ૨૩ થી ૫૨)

૩. આદિવાસી સમાજની પડખે બી.એ.પી.એસ. સંસ્થા (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - મે - ૨૦૧૧)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**